
રતનાના અને પ્રીતમના મહીના.

શોખીલા વાંચનારાઓને

સારૂ



સુરત મધે

ભાગા તળાવના મોટા કુવાની પાસે નંબર ૪
વાળા મકાનમાં "સીટી સેંટ્રલ પ્રેસમાં"
કેશુરજી રૂઘનાથજીએ છાપીને
પ્રસીદ્ધ કર્યા.

સંવત ૧૯૩૪——સને ૧૮૭૮

કીમત એક આનો.

રતનાના.

મહિના.

સાખી.

કારતક રસની કુંપળી, નયણાંમાં ઝળકાય;
અંગ સમારે રાધિકા, મનરથ રહ્યા શોભાય. ૧

કારતકે કંથ મેલી ગયા, સાંભળ સૈયર વાત;
ગોકુળની રે ગોવાલણી, ઘસવા લાગી રે હાથ. ૧
વાયદા ઉપર વધતા થયા, દીવસ ગણતાં રે માસ;
અમારે વિશ્વાસે વળગી રહ્યાં, મોહન મળવાની આશ. ૨
સગાં રે સહોદર છે ઘણાં, નાથ વિના રે નાર;
બળ રે કરી નવ બોલીયે, મસ્તક નહિ રે મોરાર. ૩
અમો રે મળતાં શું મળી ગયાં, બાકી રાખ્યું ન કાંય;
કહેવા સરખું રહ્યું નહીં, જાણે જાદવરાય. ૪
પૂર્વનિ પ્રીત સંભારિયે, જાણિ પોતાની દાસ;
રતનાના સ્વામી રે શામળા, પૂરો અબળાની આશ. ૫
ઓધવજી રે સંદેશડો, કહેજો મથુરા-મોઝાર;
જેરે દહાડાના ગયા નાથજી, ઝૂરે વ્રજની નાર. ૬

સાખી.

માગશર મન મેગળ થયો, ઉપર નહીં ભરથાર;
મધુપુરમાં વાસો વસ્યો, અંકુશનો દેનાર. ૨

માગશર મહિનો આવિયો, નાવ્યા નંદ-કુમાર;

સંભારતાં સાંસો પડે, આંખે આંશુની ધાર. ૧
આશા ઉમેદ અવતર્યાં, અબળાનો અવતાર;
કહોને અમે કેમ કીજિયે, મેલી ગયા મોરાર. ૨
પ્રથમ તો મધુકર મોકલ્યો, વાલે કાવ્યોછે જોગ;
આપણ અબળાને એ ઘટે, જો જો કરમાના ભોગ. ૩
ઘરમાં તે હળવી હું પડી, બાહાર નવ રે બોલાય.
કૂવા તે કેરી છાંયડી, કુવામાં રે સમાય. ૪
મળતાં મોટમ નવ રાખિયે, આવો શ્રીભગવાન;
રત્નાના સ્વામી રે શામળા, દોને દરશન દાન; ઓધવજી રે. ૫

સાખી.

પોષે તો પરવશ પડી, વ્રહ વ્યાપ્યો અતિ અંગ;
ઓખડ ગુણ લાગ્યો નહીં, ડશિયો શ્યામ ભુજંગ. ૬
પોષે તે પહેલા પૂરમાં, જોબન બાળે રે વેષ;
પૂરણ પાપ તેનાં મળ્યાં, જેનો પિયુ પરદેશ. ૧
આછી પટોળી રે ઓઢવા. શિયાળાની રે ટાઢ;
પાંચ પોહોરની રાતડી, વાલે કીધીછે રાઢ. ૨
સાંજ સંજોગે સૌ મળ્યાં, જુવે વાલાની વાટ;
વીસાર્યા કેમ વિશરે, ઊભા જમનાને ઘાટ. ૩
મનડું રે ગાઢું કરી રાખિયે, હૈડું નવ રહે હાથ;
પ્રીત કરી કેમ પરહર્યાં, નાખ્યા નગારા રે નાથ. ૪
બળતી બોલુંછું હું હવે. રખે રાખતા રીસ;
રત્નાના સ્વામી રે શામળા, પાયે નામુંછું શીશ; ઓધવજી રે. ૫

સાખી.

માહા મહિને મન માહરૂં, આકુળ વ્યાકુળ થાય;
હવે વિજોગણુ રાધિકા, એક ન સુઝે ઉપાય. ૪
હજિ હરિ શ્રી નવ આવિયા, આવ્યો મકર માસ;
ભાગ્ય વિના કેમ પામિયે, વાલાજીનો વિલાસ. ૧
કુબજા સરખી કામની, આવિ હરીને રે હાથ;
આપે કાળા ને એ કૂબડી, ભલી ભજિછે રે ભાત. ૨
સરખા-સરખી સાહેલડી, જમુના નહાવા રે જાય;
પૂછીને માગે રે પ્રેમદા, મળજો જાદવરાય. ૩
એક દુખે અમો દાઝિયે, બીજું કુબજાનું શૂળ;
નિર્ગુણ જોગ વળી લખે, દાઝયા ઉપર લૂણ. ૪
દયારે દામોદર દિલ ધરી, ભેટા શ્રીભગવાન;
રત્નાના સ્વામી રે શામળા, કયારે મળશો રે કાન; ઓધવજી રે.૫

સાખી.

ફાગણ આવ્યો હે સખી, કેશું ફુલ્યાં ગુલાળ;
હદે ન ફૂલી રાધિકા, ભમર કનૈયો લાલ. ૧
સઘળો શિયાળો વહિ ગયો, આવ્યો ફાગણમાસ;
અંતરમાં અતિ ઉપજે, હોળિ રમવાની આશ. ૧
વસંત વધાવાને હું જતી, કુમ કુમ ભરીને કચોળ;
કેસરી સાળુ રે પહેરવા, મુખ ભરીને તંબોળ. ૨
અબિલ ગુલાલ ઉડે ઘણા, વાગે તાલ મૃદંગ;
કોકિલ શબ્દ સોહામણા, કંપે અબળાનું અંગ. ૩
તરૂવર આંબો મ્હોરિયે, ફૂલ્યાં કેશુડાં વન,
અમો અબળાને એ ઘટયું, મરવું મુંઝાઇ મન. ૪

વેરી વિધાતાયે લખ્યો, વાલ્હાતણો રે વિજોગ;
રત્નાના સ્વામી રે સામળા, આવી કરોરે સંજોગ; ઓધવજીરે.૫

સાખી.

ચૈત્રે ચતુરા સંચરી, ઉભી જમુના તીર;
પંથ ન્યાળતી પ્રેમદા, રડતાં ભીંજે ચીર. ૬

ચૈતરમાસનો ચાંદલો, રૂડી નિર્મળ રાત;
સ્વપનામાં સ્વામી રમીગયા, રૂદે થઇ રળીયાત. ૧
જાગીને જોતાં દીઠા નહીં, ફાળ પડીછે પેટ;
બોલાવ્યા બોલે નહીં. નાશી પેઠા રે નેટ. ૨
કોમળ કર ધરિ દીવડો, ચતુરા ન્યાળે ચોપાસ;
ખોળતાં ખુટી રે રાતડી, ન મળ્યા શ્રીઅવિનાશ. ૩
પાછલી રાત પરોઢિયું, ઉઠી પ્રાતસ–કાળ;
જોશીડા જોશ સંભાળજે, આ શું આળપંપાળ. ૪
સુણ સ્વપનાનું સાંભરે, ભીતર ભડકારે થાય;
રત્નાના સ્વામી રે સામળા, આવી મળો તો ઓલાય; ઓધવજીરે૫

સાખી.

વૈશાખ આવ્યો રે સખી, વહી ગયા ખટમાસ;
હજી સંદેશો નાવિયો, કાગળની શી આશ. ૬

વૈશાખે વાયા રે વાયલા, પાકયાં દાડમ દ્રાખ;
પાકી તે રાયણ આંબલી, ગળી આંબાની સાખ. ૧
લુકનાં લેહેરાં લાગે ઘણાં, બહાર ન નીસરાય;
ધરતી ધખે ને રવી તપે, કોમળ મુખ કરમાય. ૨
ફુલડાંની શેજ સમારિયે, બેહેકે ચંપો ને જાય;

વાલાજિ કેરે વીંજણે, કેને ઢોળું રે વાય. ૩
માંગ સમારૂં રે મોતિયે, સેથે ભરૂ રે સિંદૂર;
નાથજિ લાવો લીજિયે, જોબન જાય ભરપૂર. ૪
ગ્રીષ્મ ૠતુ અતિ દોહલી, વાલા વીચારો મન;
રત્નાના સ્વામીરે શામળા, સોંપ્યું તન મન ધન; ઓધવજીરે. ૫

સાખી.

જોઠ જોડી સોગઠી, પાસા બીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, અવળા પડિયા નાથ. ૬
જેઠ લગી જોઇ વાટડી, કોઇ આવે ને જાય;
કાગળ કટકો મળ્યો નહીં, લખતાં જાદવરાય. ૧
મરવું તે મુખથી કેમ કહું, મરણ હરિને રે હાથ;
પ્રીતભગત મૃત્ય થઇ રહી, જાણે વૈકુંઠ નાથ. ૨
સગપણ સાચુ સૌ કહે, પ્રીતી પીતળ ફોક;
એ રે ઉખાણો સાચો મળ્યો, ભલા હસાવ્યા લોક. ૩
દોષ અમારા અદૃષ્ટનો, વાલાજીનો શો વાંક;
સુખ દુખ સરજ્યું દેહને, મારી વિધાતાયે ટાંક. ૪
ચતુર થઇ નવ ચૂકીયે, જાણો અબળાનો ધર્મ;
રત્નાના સ્વામીરે શામળા, વળતી બેસશે કર્મ; ઓધવજીરે. ૫

સાખી.

અશાડ આવ્યો હે સખી, કેમ કરી કાઢું દન;
નાથ નમેહેરા થઇ રહ્યા, રૂદે પડયાંરે રતન. ૮
અસાડો રે ધન ઉલટયો, માતા વરસે રે મેહ;
વીજળડી ચમકા કરે, વાલે દીધો રે છેહ. ૧

મોરના સોર સોહામણા, દાદુર બોલે રે જોર;
કોયલડી ટઉકા કરે, નાથ્યા નંદકીશોર. ૨
રાત અંધારી ઉડે આગિઆ, દેખી ઝબકે રે મન;
દીવડો દીશે બિહામણો, નાથ્યા જગના જીવન. ૩
લીલા ચરણા અવનિપે ધર્યા, તરૂવર ગેરગંભીર;
પંખીડે માળા રે ઘાલિયા, જયાં ત્યાં ભરિયાં રે નીર. ૪
જોગીડા પણ પંથ પરહરી, બેઠા એક આસન;
રત્નાના સ્વામી રે શામળા, આવો જગના જીવન; ઓધવજીરે. ૫

સાખી.

શ્રાવણ માસે સજ થઇ, દરપણ ન્યાળે અંગ,
તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડસ્યો ભુજંગ. ૧૦

શ્રાવણ માસ સોહામણો, હીંદાળાના રે દીન;
હીચે તે ગોરી રાધિકા, ઘણુ પીડે અનંગ. ૧
સખિ રે સાહેલી સૌ મળી, જમુના નાવા રે જાય.
કેસરી તિલક સોહામણાં, કોમળ રંગ્યા રે પાય. ૨
ગૌરિ પુજે સાહેલડી, કરમાં પુષ્પની માળ;
બીજા રે કરમાં કુંકાવટી, મુખે શ્રીગોપાળ. ૩
ચાર પહોર જાગરણ કરે, ગોરી ગરબારે ગાય;
રાત થોડી ને રમત ઘણી, રખે વહાણું રે વાય. ૪
શ્રાવણે પાકયો આંબલો, કોને કરિયે ભેટ;
રત્નાના સ્વામી રે શામળા, આડો જમુનાનો બેટ; ઓધવજી. ૫

સાખી.

ભાદરવે ભવન પાંચમે, ઝલકે હીંદાળા ખાટ;
પુષ્પને પંખે પદમણી, જુવે વાલાની વાટ. ૧૧

આદરયો ભરપૂરમાં, ભલું જણાય જોર;
ગગન વિષે કરે ફાટકા, નાચ્યા નંદકીશોર. ૧
ઉત્તર દેશથી ઉલટયો, થયો ઘોર અંધાર;
વીજળડી ચમકા કરે, નાચ્યા નંદ કુમાર. ૨
પંચ રંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ;
ચંપક વરણી રે રાધીકા, ચીર ભીંજાય સ્વચ્છ. ૩
નદિયે નીર ભર્યાં ઘણાં, નવ દીશે ઉતાર;
વેરણ જમુના પુરે ચઢી, પીયુડો પેલે રે પાર. ૪
ભાગ્ય બધું સુખ દેહનું, જેનો નાથ નઠોર;
રત્નાના સ્વામી રે શામળા, આગતી પોસું છું જોર. ઓધવજી રે. ૫

સાખી.

આસોયે આશા હતી, મળવાની મનમાંય;
ઓધવજી ભલે આવિયા, વીગ થાઓ વિદાય. ૧૨

દુઃખના રે દહાડા વહિ ગયા, આવ્યો આસો રે માસ;
સૌ કો સપરવે દહાડલે, વશે પોતાને વાસ. ૧
નવરે દહાડા ગયાં નોરતાં. નવ્યા દશેરા રે માંય!
મોટો ઓછવ દીપવાળિનો; આવી કરજો છહાંય. ૨
સખી સાહેલી સૌ મળી, હરિને લેવાને જાય;
આણે મારગ હરી આવશે, ઉલટ અંગ ન માય. ૩
ધનતેરશે ધન ધોઇને, સજ્યા સોળ શણગાર;
નયણે તે કાજળ સારિયાં, મળવા નંદ કુમાર. ૪
કોમળ કરમાં રે દીવડો, હઇડે હરખ અપાર;
હરિને નિહાળવા નીસરી, ઉભી આંગણ બહાર. ૫

મનના મનોરથ વહિ ગયા, એકે સિધ્યું નહિ કાજ;
રત્નાના સ્વામીરે શામળા, વાલું કીધું છે રાજ; ઓધવજીરે ૬

સાખી.

અધિક માસ વળિ આવિયો, તેથી ઉપજ્યો ત્રાસ;
વળિ એ કેવો વીતશે, વીત્યા બારે માસ. ૧૩
બારે માસ તો વહી ગયા, તેરમાની શી પેર;
પુરૂષોત્તમ પહેલો નથી કોણે કીધો છે કેર. ૧
બાર રવિ બાર પર્વણી, અધિકું ઓછું ન થયા;
અધિક માસ કર્મે ક્યાં લખ્યો, ઘણો થયો દુઃખદાય. ૨
તેં પછવાડે વાછરૂ, મુક્યો છે મળમાસ;
ગોવાળાં ચોદશા કરે એનો શો વિશ્વાસ. ૩
ગયાને જાણતા ચંદ્રાવળી, ભામા આગે જે વામ;
સૈ ખોનાં મન મનાવિયાં, આવ્યા સુંદરશ્યામ. ૪
તેરે માસ પૂર્ણ થયા, જેકો પ્રેમે રે ગાય;
સાંભળતાં સુખ ઉપજે, એહ વૈકુંઠ જાય. ૫
પદ અગનોતેર રાગ સોરઠી, બત્રીશા રે બંધ;
ગુણીજન મન વીચારજો, એ છે રસનો કંદ. ૬
સંવત સત્તર પંચાણુંઓ, માસ માગશર સાર;
પ્રથમ પક્ષ એકાદશી, ઊત્તમ ચંદ્રવાર. ૭
મન ક્રમ વચન બુધે કરી, રચ્યા ત્રયોદશ માસ;
રત્નાના સ્વામીરે શામળા, પ્રીતે પૂરજો આશ. ઓધવજીરે.

પ્રીતમદાસના મહીના.

રતનાના મહિનાનો રાગ.

સાંભળ સુદ્ધ ચિતે કરી, હરીના ગુણ ગાન;
પ્રીત સહિત નિત નાથનું, હૃદયે ધર ધ્યાન; સાંભળ. ૧
ગુરુપદ પંકજ પુજતાં, ચૌદ લોક પુજાય;
શીવ વિરંચી ને શારદા, ગુરુના જશ ગાય; સાંભળ. ૨
અંતઃકરણ હોય ઉજળાં, જડ તિમર ટળિ જાય,
સરવે લાગે સુજવા, પદ-રજ મહિ માય; સાંભળ. ૩
જપ તપ તીરથ જોગનું, ફળ જે કહેવાય;
પ્રીતમ સદ્ગુરુ સેવતાં, તે તો સરવે થાય; સાંભળ ૪

સાખી.

સદગુરુની કરૂણા થકી, ઉપજે નિરમળ જ્ઞાન;
શુદ્ધ ચૈતન તુરિયા પદે, રહે નિરંતર ધ્યાન. ૧

કારતકે ચીત ચેત્યો નહી, ઘડી લાખેણી જાય;
વળતાં વિચરીશ જીવડાં, પછેથી પરતાય સાંભળ. ૧
જો જાણે તો બાંધજે, પાણી પેહેલી પાળ;
નીર ગયે નહિ નીપજે, સીર તાકે છે કાળ; સાંભળ ૨
કાયા કુસુમકેરી કારમું, વેગે વણશીરે જાય;
અમર થવા જેમ આતમાં, એવા કરજે ઉપાય; સાંભળ ૩
કહે પ્રીતમ તું પ્રીછજે, ઈચ્છજે કલ્યાણ;
સત સમાગમ કીજિએ. મુકી મનનારે તાણ; સાંભળ ૪

સાખી

મનનના પ્રપંચ મુકજે, કરજે તત્વ વીચાર;
રત્ન પદારથ જન્મ છે; નાવે વારંવાર ૨

આગસર માથા ઉપરે, મોટું મરણનું સાલ;
મારગ વહેછે ઉતાળો, કોઇ ખાસને શ્વાસ; સાંભળ.૧
અંતે કોઇ કોઇનુ નહી, રામનું લેને નામ;
એક ઘડી ન વિસારિએ, સુખ સાગર શ્યામ; સાંભળ.૨
જુઠી બાજી જોઇજે, મનમાં આવી જાન;
રૂડાં રંગે રંગીઆ માણ્યાં સિમળાના ફુલ; સાંભળ.૬
સુત વિત મંદિર સુંદરી સુખ સુપન વિચાર;
કહે પ્રીતમ સહુ કારમું, દીસેછે દીન ચાર; સાંભળ.૪

સાખી.

મોતી સો ઉદકતણાં, તેના હાર નથાય;
મિથ્યા મન મોદક કરે, તેણે ભુખ ન જાય;. ૩

પોમે તે પ્રાણી પ્રીછજે, જેને ગુરૂ ગમ હોય;
પરમારથ પાકું રત્નછે, જતન કરશે જે કોય; સાંભળ. ૧
આગુણનું આપું માનીને, દુઃખ પામે અપાર;
શ્વાન સમાન આ જીવછે, વહે શકટનો ભાર; સાંભળ.૨
સામગ્રી સર્વે હરિતણી, ભોગવે સંસાર;
મારૂં મારૂં તે કરી રહ્યા, તેણે ખાયછે માર; સાંભળ. ૩
તન મન જેણે સોંપિયું, શ્રીહરીને રે હાથ;
કહે પ્રીતમ તે પામિયા, વૈકુંઠનો સાથ; સાંભળ ૪

સાખી.

તજશે આપે આપદા, ભજશે પુરણ- બ્રહ્મ;
પલક માંહિ પ્રગટજ થશે, કોટી જન્મના કર્મ. ૪

માહા મહિને માયા તણો, મરમ જાણે જેહ;
ભૂલવણીમાં ભુલે નહી. તરે ભવજળ તેહ   સાંભળ ૧
બાજીગરનો બાળકો, ગ્રહે હાથભુજંગ;
અઊષધ બુટીને ઓળખે, વીશ વ્યાપે ન અંગ; સાંભળ. ૨
નામ અમૃત જન જે પિએ, તેતો અમર થાય;
જનમ મરણુની આપદા. તેની તત્ક્ષણ જાય;   સાંભળ. ૩
અજ ઉમીયા પતિ અહિપતી જપે નિશદિન જેહ;
અનંતકોટી ગુણી ઓધરયા, પ્રીતે પ્રીતમ તેહ;   સાંભળ. ૪

સાખી.

સદગુરૂ સંત કૃપા કરે, પ્રગટે નિરમળ જ્ઞાન;
રવિ ઉદયે રજની ટળે રહે નિરંતર ધ્યાન;   સાંભળ.૫
ફાગણ ફુલ્યો સોહામણો. ફુલી ગુલજવી જાત;
જોયાની રચના ઘણી રંગ ગુલજવી ભાત;   સાંભળ ૧
વિધ વિધ પેરનો વાસન, ઉઠે અનંત અપાર;
મન ભમરો ભોગી થયો. રહ્યો વનમોઝાર;   સાંભળ. ૨
ડારે ડારે દ્રુમ ડાળિયાં, આંબાઅંબર વેલ;
નવપલ્લવ નૈ તમ સદા. કોકિલા કરે કેળ;   સાંભળ. ૩
લીલા લલિત સોહામણી, શોભાનો નહીં પાર.
જન પ્રીતમ એવું જોઇને, રીઝયા રૂદયમોઝાર;   સાંભળ. ૪

સાખી.

નિરમળ નયણે નિરખતાં. દરશે નિજ દેદાર;
સાંગરમાં સૌ ઉપજે, લહરી લોઢ અપાર;   ૬
ચૈતરે ચિત્ત ચિદરૂપમાં, થઇ રહ્યું તદલીન;

નાહિપ માત્ર ન્યારૂ નહી. જેવું જળનું રે મીન; સાંભળ. ૧
ચૈતન સિંધુ ઝીલતાં, થયું શુદ્ધ શરીર;
સહૂ ઇશ્વર સહૂને વિષે જેમ મણીકામાં હીર; સાંભળ. ૨
એને આધારે સૌ રહયું, પિંડને બ્રહ્માંડ;
સચરાચર શોભી રહયો, અવિનાસી અખંડ; સાંભળ. ૩
બ્રહમ જથારથ ભાળતાં, ભાગે મનની રે બ્રાંત;
પ્રીતમ પ્રીછે પાધરૂં, થાય સમજે તે શાંત; સાંભળ. ૪

સાખી.

સદ ચીદ– આનંદ સરવમાં, ભરી રહયો ભરપુર;
દિન રજની રહે રંગમાં, નિરમળ વરશે નુર; ૭

પેશાએ જોતાં વેદમાં, માહા વાયક જ્ઞાન;
તત્વમસી તે તું જ છું, અળગો નહિ આન; સાંભળ. ૧
વાદુને ભાળે વટોળીઓ, એમ ઇશ્વર જીવ;
વસ્તુ વિચારતાં એક છે, શ્યામ સુત્ર સદીવ; સાંભળ. ૨
અરસ પરસ છે એકમાં, જેમ તરણીમાં તેજ;
ભિન નહી એમ બ્રહ્મથી, ઓળખે પદ એજ; સાંભળ. ૩
સલિતા સાગર રહે, સાકર માંહે મિઠાઇ;
પ્રીતમ પુશપમાં વાસના, એવી ગુરૂ ગમ પાઇ; સાંભળ ૪

સાખી.

પટ તતું ન્યારો નહી. જયમ હાટકને હાર;
જડ ચૈતન જગદીશમાં, તેજ પુંજ એક તાર. ૮

જેરે જનમ સુફળ થયો, જાણ્યા જગદીશ;
અખિલ ભુવનનો આતમા. ગુણ માયાનો ઇશ; સાંભળ. ૧

વિશ્વ વિચિત્ર છે જેવડે, કરે રંગ કલ્લોળ;
થંભ વિના થંભાવિયું, બ્રહ્મમાંડનું ગોળ. સાંભળ. ૨
રમવાને બાજી રચી, ધરી નવનવાં રૂપ;
સંશય શોક સ્વભાવથી, થયો જીવ સ્વરૂપ; સાંભળ. ૩
વિષય વૃતિને અંતરે, અવરાયો અનીત;
પ્રીતમ પોતાને વીસરયો, કરે પશુ પ્રીત; સાંભળ. ૪

સાખી.

અંતર જામી આતમાં, માનો મીઠ્યા ગર્વ;
માયાને પડદે રહી, મોહ પમાડયું સર્વ; ૬

અશાડે અમરિતતણાં, વરસ્યા વરસાદ;
હરિ હરિ સગળે થઇ રહ્યું, થાવર જંગમ જાત; સાંભળ. ૧
ચિત ચાતક રંગે રટે, બોલે મનમોર;
જ્યાં ત્યાં ચૈતન બ્રહ્મના, ઉગતા અંકુર; સાંભળ. ૨
સુખ-સાગર સેજે ઉછળયો, સરિતા સુભ સાર,
બ્રહ્મ નિરંતર જળ ભરયાં, કોઇ પામે ન પાર; સાંભળ ૩
માણે મસ્ત મગન થઇ, મરજીવા સંત;
પ્રીતમ પલક ન્યારા નહીં રસિઆ રસવંત; સાંભળ. ૪

સાખી.

મહા મુગટ જાણે જગત, જે આપે અતીત;
અણલિંગી આકાશ વત; અવ્યપદ શબ્દાતીત. ૧૭

શ્રાવણ સાધન શું કરૂં, સમરણને ધ્યાન;
અહં કરતાં ઉઠી ગયો, થયું સરવ સમાન; સાંભળ. ૧
પંચ-કોશ પદ હું નહીં, નહીં અંતઃકરણ;
ઇંદ્રી અવરતા ઉરમી નહીં, નહીં વેષને વર્ણ, સાંભળ. ૨
જીવ નહીં ઇશ્વર નહીં, નહીં માયા ને [illegible]

ચીંતા વૃત્તી ત્રિગુણ નહીં, નહિ ધ્યાતાને ધ્યાન; સાંભળ. ૩

સહુ પ્રકાશિત સરવનો, સાક્ષી શુદ્ધ સ્વરૂપ;
પ્રીતમ તે પરમાતમા, એનો અકળ અનૂપ; સાંભળ. ૪

સાખી.

ચેન ચરિત્ર જેને નહીં, સઉમા વ્યાપક સોય;
પ્રીતમ તેને પ્રીછતાં, આવાગમન ન હોય. ૧૧

ભાદરવે એક રસ ભર્યાં, સચરાચર માંય;
પ્રલય સમે પાણી વિના, દીસે નહીં કાંય; સાંભળ. ૧

વાર કિનારો પાળી નહીં. નહિ આવરણ ને આડ;
એક ચિદાનંદ જોઈને, છળ-વિદ્યા છાંડ; સાંભળ. ૨

સ્વતંત્ર અંતર નહીં, બાહ્યાભ્યંતર બ્રહ્મ;
એમ જાણે તે ઉપાસના, એ વિના મોટો ભ્રમ; સાંભળ. ૩

બ્રહ્મનિષ્ટા પળ નવ ચળે, અનન્યતા એહ;
પ્રીતમ પૂરણ બ્રહ્મ શું, જેને સાચો સ્નેહ; સાંભળ. ૪

સાખી.

દૃષ્ટ પદારથ જેટલું, તેનો થયો અભાવ;
તનમય તન ત્રુગિયા તણો, તે શું બન્યો બનાવ. ૧૨

આસો લીલા અખંડ છે, નીરખી નીરધાર;
ઓપ વળ્યા આનંદના, સૂખ સિંધુ અપાર; સાંભળ ૧

પ્રસ્થા ટળી ચૌદ લોકની, અજપદ કૈલાશ;
નહિ વૈકુંઠની વાસના, ભાળ્યો બ્રહ્મવિલાસ; સાંભળ. ૨

અધિકારીને આવશે, સમજણ ને સાન;
મુક્ત થઈ તે માણશે, મુકી દેહ અભિમાન; સાંભળ. ૩

સદ્ગુરુની કીરપા થકી, ઉપનો આનંદ;
પ્રીતમ તે પદ પામીઆ, નહીં દુઃખ ને દ્વંદ; સાંભળ ૪